સરંક્ષણમાં વિદેશી રોકાણને લીલીઝંડી અપાશે

નવી દિલ્હી,તા. ૩૦

નરેન્દ્ર મોદી સરકારે કેન્દ્રમાં સત્તા સંભાળી લીધા બાદ ઝડપથી દેરક દિશામાં આગળ વધી રહી છે. પ્રાપ્ત અહેવાલ મુજબ હવે નરેન્દ્ર મોદી સરકારે સંરક્ષણ ઉત્પાદનના ક્ષેત્રમાં ૧૦૦ ટકા વિદેશી મુડીરોકાણને મંજૂરી આપવા માટેની તૈયારી કરી લીધી છે. ૧૦૦ ટકા વિદેશી રોકાણની મંજૂરી આપીને ભારત વૈશ્વિક મુડીરોકાણકારોને વિશ્વાસમાં લેવા માંગ છે. સાથે સાથે તેમને આકર્ષિત કરવાની પણ યોજના છે. બીજી બાજુ ભારતમાં જ કેટલાક સાધન બનાવવાની પણ હિલચાલ છે. વાણિજ્ય અને ઉદ્યોગને પણ સુચના આપવામાં આવી છે. રેલવે જેવા સેક્ટરમાં એફડીઆઈને મંજૂરી આપવાની દિશામાં પણ સરકાર આગળ વધી શકે છે. રેલવેમાં ક્યા ક્ષેત્રે રોકાણની જરૂર છે અને વધારે નાણાંની જરૂર છે તેવી ક્ષેત્રોની એક યાદી તૈયાર કરવામાં ાવી રહી છે. અગાુ સરકારે હાઈ સ્પીડ ટ્રેન

સિસ્ટમ, ઉપનગરીય કોરિડોર અને હાઈ સ્પીડ ટ્રેક તેમજ ફ્રેટ લાઈન માટે જ એફડીઆઈને મંજૂરી આપવાની તૈયારી દર્શાવી હતી પરંતુ હવે અન્ય ક્ષેત્રોની યાદી પણ તૈયાર કરવામાં આવી છે. નિર્માણ ક્ષેત્રે એફડીઆઈના ધારાધોરણને વધારે સરળ બનાવવામાં આવશે. મંગળવારના દિવસે અરપૂણ જેટલીએ જુદા જુદા સેક્ટરમાં એફડીઆઈની મર્યાદાના મામલે સરકારની યોજના સંબંધમાં વાત કરી હતી.

હાલમાં કેટલાક ક્ષેત્રમાં મર્યાદા ૨૬ ટકા છે જેને વધારીને ૧૦૦ ટકા કરવાની હિલચાલ છે. સંરક્ષણ મંત્રાલય દ્વારા તેમની પ્રાથમિકતા તૈયાર કરી લેવામાં આવી છે. વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય દ્વારા પણ તેમની પ્રાથમિકતા તૈયાર કરી લેવામાં આવી છે. સંરક્ષણ ક્ષેત્રે એફડીઆઈને ૨૬ ટકાથી વધારીને ૧૦૦ ટકા કરવાથી ઝડપી તેજી આવી શકે છે.

પ્રિયંકા ગાંધી કાશ્મીર પહોંચ્યા

નવી દિલ્હી,તા. ૩૦

પ્રિયંકા ગાંધી આજે કાશ્મીરમાં પહોંચ્યા હતા અને પ્રિયંકા ગાંધીએ ગંધરબાલ જીલ્લામાં માતાખેર ભવાની મંદિરમાં પહોંચ્યા હતા અને ખાસ પૂજા કરી હતી. વહેલી સવારે ફ્લાઈટ મારફતે કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીના પુત્રી પહોંચી ગયા હતા અને સીધીરીતે ઉત્તરકાશ્મીરના ગંદરબાલ જીલ્લામાં તુલમુલ્લા ખાતે મંદિરમાં પહોંચ્યા હતા અને આશરે બે કલાક સુધી પ્રિયંકા મંદિરમાં રોકાયા હતા અને ખાસ પૂજા કરી હતી. કાશ્મીરી પંડીતો દ્વારા અહીં વર્ષો સુધી પૂજા થાય છે. મોડેથી પ્રિયંકા સ્વામી લક્ષ્મણજો આશ્રમમાં પણ પહોંચ્યા હતા. શહેરના નિષત વિસ્તારમાં દાલસરોવરના કિનારે આ આશ્રમ સ્થિત છે. ત્યાં પણ બે કલાક સુધી તેઓ રોકાયા હતા. ત્યારબાદ એરપોર્ટ માટે રવાના થયા હતા. પ્રિયંકાની યાત્રાને લઈને સઘન સુરક્ષા વ્યવસ્થા રાખવામાં આવી હતી. જોકે પ્રિયંકાની યાત્રાને ખૂબ લો-પ્રોફાઈલ રાખવામાં આવી હતી. તેમની યાત્રાને લઈને કોઈને જાણ ન થાય તેવા પ્રયાસ કરાયા હતા.

મોદી સાત આરસીઆરના બદલે પાંચ નંબરમાં રહેશે

નવી દિલ્હી,તા. ૩૦

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી હવે નવા આરસીઆર નિવાસ સ્થાનમાં જતા રહ્યાં છે. ૭ આરસીઆરમાં રહેવાના બદલે નરેન્દ્ર મોદી નં.૫ આરસીઆરમાં રહેશે. બંગલા નં.૭ના બદલે તેઓ બંગલા નં.૫માં રહેશે. સામાન્ય રીતે તેમના પૂર્વગામી ૭ નંબરના બંગલામાં રહેતા આવ્યા છે. મોદી તેમની ઓફિસ તરીકે નં.૭ના બંગલાનો ઉપયોગ કરશે. નરેન્દ્ર મોદી આજે નવા આવાસમાં જતા રહ્યા હતા. સીક્રેટ કરતા પહેલા નરેન્દ્ર મોદીએ કોઈ ફેરફાર કરવા કહ્યું નહતું. આના કારણે તમામ અધિકારીઓને પણ આશ્ચર્ય થયું હતું. અધિકારીઓ કેટલાક સુધારાવધારા કરાવતા રહે છે. ભૂતપૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહ

દ્વારા ખાલી કરવામાં આવેલા આવાસને કેટલાક સુધારાની જરૂર હતી. મોદી જુદી રીતે રહેવામાં માને છે. નરેન્દ્ર મોદી તેમના અગાઉના પૂર્વગામી કરતા નવી રીતે રહેવા ઈચ્છુક છે. આજ કારણસર તેઓ નંબર-૫ આરસીઆરમાં રહેશે. છેલ્લો બંગલા નંબર-૯ આરસીઆરનો ઉપયોગ વડાપ્રધાનને સુરક્ષા આપનાર સ્પેશલ પ્રોટેક્શન ગ્રુપ દ્વારા કરવામાં આવે છે. પાંચ દિવસ સુધી ગુજરાત ભવનમાં રહ્યા બાદ નરેન્દ્ર મોદી આજે નવા ઘરમાં રહેવા જતા રહ્યા હતા. મોદીએ ૭ નંબર બંગલાના બદલે ૫ નંબરના બંગલા પર પસંદગી ઉતારી છે. ગૃહપ્રવેશથી પહેલા મોદીએ પુજા કરાવી હતી. તેમની ચીજવસ્તુઓ રેસકોર્સ રોડના ૫ નંબરના બંગલામાં રાખવામાં આવી છે. મનમોહનસિંહવેળા આ બંગલાનો ઉપયોગ મહેમાનો માટે કરાતો હતો. જોકે રાજીવ ગાંધી અને અટલ બિહારી વાજપેયી રહેવા માટે આનો ઉપયોગ કરી ચુક્યા છે.

જયલલિતા ત્રીજી જુનના દિવસે મોદીને મળશે

સાઉથ બ્લોકમાં મોદી સાથે વાતચીત થશે : મુલ્લાપેરીયાર બંધમાં સ્ટોરેજ સ્તરને વધારવા કમિટી રચવા સૂચન કરાશે

ચેન્નઈ, તા.૩૦

તમિલનાડુના મુખ્યમંત્રી જયલલીતા ત્રીજી જુનના દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળશે. તેઓ મોદીને એક મેમોરેન્ડમ સુપ્રત કરનાર છે. જેમાં તમિલનાડુ સાથે સંબંધિત જુદા-જુદા મુદ્દાઓને આવરી લેવામાં આવશે. સત્તાવાર નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે, જયલલિતા સાઉથ બ્લોકમાં તેમની ઓફિસમાં વડાપ્રધાનને મળશે. આ મેમોરેન્ડમમાં રાજ્યના વ્યાપક હિતોની રક્ષા કરવા માટે કેન્દ્ર તરફ ધ્યાન દોરવામાં આવશે. સાથે-સાથે રાજ્યના ઝડપી વિકાસ માટેની પ્રાથમિક્તાઓનો

ઉલ્લેખ કરવામાં આવશે. તાજેતરમાં જ યોજાયેલી લોકસભાની ચુંટણીમાં ભાજપને ઐતિહાસિક જીત અપાવીને નરેન્દ્ર મોદી દેશના વડાપ્રધાન બન્યા છે. બીજી બાજુ કર્ણાટક સાથે આંતરરાજ્ય જળવહેંચણી વિવાદમાં જીત મેળવ્યા બાદ જયલલિતા મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારની દરમિયાનગીરીની માંગણી કરશે. કાવેરી મેનેજમેન્ટ બોર્ડની રચના કરવા માટે કેન્દ્રની દરમિયાનગીરીની માંગ કરવામાં આવશે. શક્ય તેટલી વહેલી તકે તમામ સમસ્યાઓનો ઉકેલ લાવવા જયલલિતાની ઈચ્છા રહેલી છે. સુત્રોએ કહ્યું છે કે, તમિલનાડુ સરકાર મુલ્લા પેરીયાર બંધમાં સ્ટોરેજના સ્તરને વધારવા એક દેખરેખ સમિતિની રચના કરવા કેન્દ્ર સરકારને અપીલ કરશે. સુપ્રીમ કોર્ટ દ્વારા કરવામાં આવેલી માંગ મુજબ સ્ટોરેજ ક્ષમતા વધારવાની હિલચાલ ચાલી રહેલી છે. તમિલનાડુમાં સામાન્ય ચુંટણીમાં હાલમાં જયલલિતાની પાર્ટીની જોરદાર જીત થઈ હતી. લોકસભાની ૩૯ બેઠકો પૈકી જયલલિતાની પાર્ટીએ ૩૭ બેઠક જીતી લીધી હતી. ભાજપના નેતૃત્વમાં એનડીએને અન્ય બે બેઠકો મળી હતી. જયલલિતા સોમવારના દિવસે યોજાયેલી શપથવિધિમાં ઉપસ્થિત રહી શક્યા ન હતા.

દિલ્હી-હરિયાણામાં એક સાથે ચુંટણીની હિલચાલ

નવી દિલ્હી,તા. ૩૦

દિલ્હી એન હરિયાણામાં એક સાથે વિધાનસભાની ચૂંટણી યોજવાની તૈયારી હાથ ધરવામાં આવી હોવાનુ જાણવા મળી રહ્યું છે. આ દિશામાં પહેલ થઇ રહી છે. દિલ્હીના નાયબ રાજ્યપાલ નજીવ જંગે બુધવારના દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે અને ગઇકાલે કેન્દ્રિય ગૃહપ્રધાન રાજનાથસિંહે સાથે વાતચીત કરી હતી. જંગે દિલ્હીની સ્થિતી અંગે બન્ને નેતાઓને વાકેપ કર્યા હતા. એમ માનવામાં આવે છે કે દિલ્હીમાં ચૂંટણી પણ હરિયાણામાં વિધાનસભાની ચૂંટણીની સાથે જ યોજાશે. દિલ્હીમાં ડિસેમ્બરમાં વિધાનસભાની ચૂંટણી યોજાઇ હતી જેમાં કોઇ પણ પાર્ટીને બહુમતિ મળી ન હતી.

છેલ્લે રાષ્ટ્રપતિ શાસન લાદવાની ફરજ પડી હતી. દિલ્હીમાં કેજરીવાલે સરકારની રચના કર્યા બાદ ૪૯ દિવસના ગાળા બાજ મુખ્ય પ્રધાન તરીકે રાજીનામુ આપી દીધુ હતુ. લોકસભાની હાલમાં યોજાયેલી ચૂંટણીમાં ભાજપે દિલ્હીમાં તમામ સાત બેઠકો જીતીને જોરદાર સપાટો બોલાવ્યો છે. એએપીને પણ કોઇ સીટ મળી નથી.

નરેન્દ્ર મોદીની અણ્ણા દ્વારા પ્રશંસા, કેજરીવાલની ટિકા

નવી દિલ્હી,તા. ૩૦

સામાજિક કાર્યકર અને ગાંધીવાદી નેતા અણ્ણા હજારેએ હવે નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેન્દ્રમાં ભાજપ સરકારની જોરદાર પ્રશંસા કરી છે. અણ્ણાએ કહ્યું છે કે એવુ લાગી રહ્યું છે કે અચ્છે દિન આને વાલે હે. બીજી બાજુ અણ્ણાએ એએપીના નેતા અરવિન્દ કેજરીવાલની જોરદાર ઝાટકણી કાઢી છે એન કહ્યું છેકે કેજરીવાલને એવુ લાગી રહ્યું હતું કે તેઓ વડાપ્રધાન બની શકે છે. એક અગ્રણી અગ્રેજી અખબાર સાથેની વાતચીતમાં અણ્ણાએ કહ્યું હતું કે નવી સરકારે ભવિષ્ય માટે એક આશાસ્પદ ચિત્ર લોકોની સમક્ષ રજૂ કર્યુ છે અને એવુ લાગી રહ્યું છે ક અચ્છે દિન આને વાલે હે. જો કે અણ્ણાએ કહ્યું હતું કે હાલમાં રચવામાં આવેલી અસલ આઝાદી ઝુંબેશ સમિતી આવનાર ચારથી છ મહિના સુધી નરેન્દ્ર મોદી એન તેમની સરકારના પ્રધાનો પર ચાંપતી નજર રાખશે. જો આ સરકાર પણ લોકોને આપવામાં આવેલા વચનો પાળસે નહી તો અમે દેશભરમાં આંદોલન કરીશુ. અણ્ણાએ વડાપ્રધાનના એવા નિર્દેશ તરફ પણ ઈશારો કર્યો હતો જેમાં મોદીએ તેમના પ્રધાનોને સગા સંબંધીઓને પીએ નહી બનાવવા માટે સુચના આપી હતી. અણ્ણાએ કહ્યું હતું કે નવી સરકાર દ્વારા નિતી તૈયાર કરવા માટે લોકોની પ્રતિક્રિયા લેવાની મોદીની વાતથી એમ લાગે છે કે તેમની વિજન છે. અણ્ણાએ કહ્યું હતું કે પૂર્ન બહુમતિ ધરાવતી સરકાર ખિચડી સરકારની સરખામણીમાં વધુ સારી કામગીરી અદા કરી શકે છે.

નવી પદ્ધતિથી મોદી કામ કરશે

જુની યોજનાના નામ મોદી સરકાર ન બદલવા તૈયાર

નવી દિલ્હી,તા. ૩૦

વડાપ્રધાન તરીકેની જવાબદારી સંભાળી લીધા બાદ અધિકારીઓને દિશાનિર્દેશ આપનાર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે, અગાઉની સરકારમાં શરૂ કરવામાં આવેલી યોજનાઓના નામ બદલવામાં આવશે નહીં. નરેન્દ્ર મોદી એવા સંકેત આપતા રહ્યાં છે કે, આ સરકાર જૂના તરીકાથી કામ કરશે નહીં અગાઉના વડાપ્રધાનની જેમ જ નરેન્દ્ર મોદી રાષ્ટ્રના નામ સંબોધન કરશે કે કેમ તેને લઈને પણ હજુ કોઈ નિર્ણય કરવામાં આવ્યો નથી. દરરોજ સતત ટ્વીટ કરનાર નરેન્દ્ર મોદી સોશયલ મિડીયા પર હમેશા સક્રીય રહે છે. મોદી હંમેશા દેશ સમક્ષ પોતાના પ્રાથમિક્તાઓ રજૂ કરતા રહે છે. આ ઉપરાંત મીડિયામાં એવા અહેવાલ છે કે, સંસદ સત્રોનો ઉપયોગ વડાપ્રધાન નરેન્દ્ર મોદી દેશની પ્રાથમિક્તાઓને રજૂ કરવા માટે કરશે. નરેન્દ્ર મોદીએ પોતાના અધિકારીઓ અને મંત્રીઓને ૧૦૦ દિવસ માટેનો એજેન્ડા ગઈકાલે જ આપી દીધો હતો. મંત્રી અને અધિકારીઓ પાસેથી વહેલી તકે પરીણામ મેળવવાનો આવશે.

ઉત્તરપ્રદેશ ગેંગરેપમાં બે કોન્સ્ટેબલોની હકાલપટ્ટી

બદૌન, તા.૩૦

ઉત્તરપ્રદેશમાં દલીત બહેનો ઉપર કમકમાટી ભર્યા બળાત્કાર અને ત્યારબાદ તેમની હત્યાને લઈને ઉત્તરપ્રદેશમાં ખળભળાટ મચી ગયો છે. સમગ્ર ઉત્તરપ્રદેશ આ બનાવના કારણે હચમચી ઉઠ્યું છે. ઉત્તરપ્રદેશમાં દલીત બહેનો પર ગેંગરેપ અને ત્યારબાદ તેમની હત્યાના બનાવ બાદ જીલ્લા સત્તાવાળાઓએ આ ગુનાના સંદર્ભમાં બે કોન્સ્ટેબલોની હકાલપટ્ટી કરી દીધી છે. દરમિયાન પોલીસે અન્ય એક શખ્સની ધરપકડ કરી લીધી છે. આની સાથે જ ઝડપાયેલા શખ્સોની સંખ્યા વધીને ત્રણ પર પહોંચી છે. દલીત બહેનો ઉપર સામૂહિક બળાત્કાર ગુજારવામાં આવ્યાના ત્રણ દિવસ બાદ જાગેલી ઉત્તરપ્રદેશ સરકારે પગલા લઈને બે કોન્સ્ટેબલોની હકાલપટ્ટી કરી છે. એક વૃક્ષ ઉપર લટકેલી હાલતમાં આ બંન્ને બહેનોના મૃતદેહ મળી આવ્યા છે. એસપી અતુલકુમાર સક્સેનાએ કહ્યું છે કે, બે કોન્સ્ટેબલ છત્રપાલ યાદવ અને સર્વેષ યાદવની હકાલપટ્ટી કરી દેવાઈ છે. જ્યારે અન્ય એક આરોપી અવધેષ યાદવની ધરપકડ કરવામાં આવી છે. આ કેસમાં વોન્ટેડ રહેલા સાત આરોપી પૈકીના ત્રણની ધરપકડ કરવામાં આવી છે જેમાં પોલીસ જવાન સર્વેષ યાદવ અને ભાઈ પપ્પુ અને અવધેષ યાદવનો સમાવેશ થાય છે. સર્વેષ અને પપ્પુની ગુરૂવારે ધરપકડ કરાઈ હતી. જ્યારે ઉર્વેષ યાદવ, પોલીસ જવાન છત્રપાલ યાદવ અને અન્ય બે વણઓળખાયેલા આરોપી ફરાર થયેલા છે. બીજી બાજુ આક્રમક પગલા લેવામાં આવી રહ્યા છે. આ બનાવના કારણે આજે ભારે હોબાળો રહ્યો હતો. પોલીસની ઉદાસીનતાને લઈને લોકો નાખુશ દેખાઈ રહ્યા છે. ભારે હોબાળો મચી ગયા બાદ સાત લોકો સામે એફઆઈઆર દાખલ કરવામાં આવી છે. બે યુવતીના પોસ્ટમોર્ટમ રિપોર્ટ બાદ સાબિત થયું છે કે હત્યા કરતા પહેલા તેમના પર બળાત્કાર ગુજારવામાં આવ્યો હતો.ઉત્તરપ્રદેશમાં તાજેતરના સમયમાં ગુનાઓમાં ચિંતાજનક રીતે વધારો થઈ ગયો છે.

રાષ્ટ્રપતિ શાસન લાદવા માયાની માંગણી

લોકસભાની ચુંટણીમાં કારમી હારનો સામનો કર્યા બાદ બહુજન સમાજવાદી પાર્ટીના નેતા માયાવતી પણ હવે લોકોની વચ્ચે રહેવાના પ્રયાસમાં છે. બદૌન ગેંગરેપ કેસમાં સીબીઆઈ તપાસની માયાવતીએ માંગણી કરી છે. લોકસભાની ચુંટણી બાદ ઉત્તરપ્રદેશમાં ગુનાઓમાં ચિંતાજનક રીતે વધારો થયો છે તેઓ આક્ષેપ કરતાં માયાવતીએ કહ્યું છે કે, બદૌન જીલ્લામાં બે દલીત બહેનો ઉપર ગેંગરેપ અને ત્યારબાદ તેમની હત્યાનો બનાવ ખૂબ જ ગંભીર બનાવ છે. ઉત્તરપ્રદેશમાં રાષ્ટ્રપતિ શાસન લાગુ કરવાની પણ માયાવતીએ માંગ કરી હતી. લખનૌમાં પત્રકારો સાથે વાતચીત કરતાં માયાવતીએ કહ્યું હતું કે, દલીત સમુદાયની બે બહેનોની હત્યાના મામલામાં સીબીઆઈ તપાસનો કેન્દ્ર સરકારે આદેશ કરવો જોઈએ.

માયાવતીએ કહ્યું હતું કે, કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સંપૂર્ણપણે ભાંગી પડી છે. આવી સ્થિતિમાં રાજ્યપાલે રાષ્ટ્રપતિ શાસન લાદવાની ભલામણ કરી દેવી જોઈએ. સમાજવાદી પાર્ટી ઉપર પ્રહાર કરતા માયાવતીએ આક્ષેપ કર્યો હતો કે, સમાજવાદી પાર્ટીએ મતોને વિભાજીત કરવા માટે ભાજપ સાથે હાથ મિલાવ્યા હતા. માયાવતીએ રાજ્યમાં વિજળીની કટોકટી હોવાનો દાવો કર્યો છે.

પુસ્તક સમીક્ષા (પાના નં. ૪ નું ચાલુ)

અહીં સંવાદો ક્યાંક-ક્યાંક ગુજરાતી - અંગ્રેજી મિશ્રિત છે, તો ક્યાંક આખેઆખા સંવાદ અંગ્રેજીમાં છે - જે આજની અંગ્રેજી માધ્યમની શાળાઓનો પ્રભાવ દર્શાવે છે. ક્યાંક રંગસૂચનો યોગ્ય રીતે મુકાયાં નથી તો ક્યાંક બિનજરૂરી વર્ણનાત્મક સૂચનો પણ છે, તો વળી ક્યાંક હકીકત દોષ જોવા મળે છે જેમ કે - 'ચારયોકડી' માં દર્શાવ્યું છે કે શિક્ષણદિન નિમિત્તે શાળામાં રજા છે, પરંતુ આ દિવસે શાળામાં રજા હોતી નથી. આ દિવસે બાળકોમાં દ્વારા સ્વયં શિક્ષણદિન ઊજવાય છે. એવું જ 'વડની વર્ષગાંઠ' માં એક સંવાદમાં જણાવાયું છે કે 'વડ રાત્રે પણ ઓક્સિજન છૂટો પાડે છે' આ વૈજ્ઞાનિક સત્ય નથી. રાત્રે દરેક વનસ્પતિ શ્વસન ક્રિયા જ કરે ને ઉચ્છવાસમાં કાર્બન ડાયોક્સાઇડ વાયુ જ મુક્ત કરે. ક્યાંક સંવાદો વધુ પડતા લાંબા જોવા મળે છે, ક્યાંક માત્ર સંવાદો જ છે ને ઘટના ઓછી. નાટકમાં ગતિ ત્યારે જ આવે કે એમાં કાર્ય ( ) હોય. તો વળી ક્યાંક જોડણી દોષ પણ જોવા મળે છે.

બધી નાટિકાઓ પછી છેલ્લે કર્તાઓનાં સરનામાં મૂક્યાં હોત તો આ નાટિકાની ભજવણી સમયે જે - તે સંસ્થા કે ભજવનાર મંડળી લેખિકાની પૂર્વમંજૂરી મેળવી શકત. આસંગ્રહ ગુજરાતી બાળ સાહિત્યમાં - ખાસ કરીને નાટ્યક્ષેત્રે નવી આશાઓ જન્માવે છે. આ દિશામાં હજી વધારે કામ થવું જોઇએ એવું મને લાગે છે.

શબ્દ સેતુ (પાના નં. ૪ નું ચાલુ)

આ પ્રસંગે તેમના ગામના આગેવાનો, જ્ઞાતિબંધુઓ, બંને પત્રનાં કુટુંબીજનો અને મિત્રોની ઉપસ્થિતિમાં ભવ્ય રીતે ઉજવાયેલ આ અવસર સૌ માટે યાદગાર બની રહ્યો હતો.

ગાંધીનગર પથિકાશ્રમ હોટલને બ્લેકવેટ હોલ લાગણીનાં પૂર અને ઉત્કટ સ્નેહના સંભારણા રૂપ બની રહ્યો જેનું સુંદર આયોજન, સંચાલન મૂળજીભાઈના સુપત્ર તુષાર દ્વારા કરવામાં આવ્યું હતું.

કાવ્યસેતુ - વસંત

કેસૂડાની ડાળ ડાળ મ્હોરી વસંત,
મહુડાના ફૂલફૂલ મ્હેંકી વસંત.
આંબાની મંજરીએ કૉપી વસંત,
ગુલમ્હોરની ડાળી ડાળી ઝબકી વસંત,
ગરમાળાના ઝુમ્મર ઝુમ્મર ફાલી વસંત.
કૉયલની કૂકે કૂકે બોલી વસંત,
પપિહાના બોલે બોલે હસી વસંત.
આદિકન્યાની ડીંટડીએ ફૂટી વસંત,
પુરકન્યાની વક્ષે વિલસી વસંત.

- પ્રવીણ ગઢવી

આસવ છલકે

નદીયું, નાળે, જંગલ વરસે,
ખેતરડે હર ખેડૂ હરખે.
મધરું મધરું વાદળ ગરજે,
વિહંગની સૂરાવલિ રણકે.
હરિયાળી લીલીછમ્મ લ્હેકે!
હેતભર્યો પાલવ કો' ફરકે!
અંગે અંગમાં ઉત્સવ ઊમટે,
મત્ત બની મનમોર હા! કહેકે!
આલિંગનથી આભ-ધરાના,
પ્રેમસભર આસવ કો' છલકે!
રતુંબડા કો' ગાલ ભીંજાતા,
જાણે મોંઘા મોતી ચળકે!
તૃપ્ત કરી કેં વન-ઉપવનને,
સુગંધનો ગુલઝાર હા! મહેંકે!

- ભરત કવિ "ઊર્મિલ"

ચેતનાનો સમય (પાના નં. ૪ નું ચાલુ)

વળી સંસદમાં ચૂંટાયેલા નેતાઓ પોતાની પ્રતિષ્ઠાનો ગુલામ બનીને દેશમાં અભિમાની બનીને ફરવા લાગે છે તેવા દેશમાં ગરીબોની જીંદગી હરામ બની જાય છે

"જીસકા નેતા ભૂકા હૈ દામ હી સે કામ હૈ
સિમેન્ટ ફાર લેગા, અનાજ કયા કામ કામ હૈ."

સંસદમાં ચૂંટાતા નેતાઓ ઘાંસચારા કૌભાંડ કે કોલસા કૌભાંડ કે બીજા કૌભાંડો કરીને ભૂખ્યા વરૂની જેમ સંસદમાં પૈસા રળવા આવ્યા હોય તેવા નેતા માટે સંસદ બિચાડી સ્વગત બોલે છે મેરે અંગને મેં તુમ્હારા કયા કામ હૈ?

બીજા એક "રોંગ નંબરની માયા" મથાળા હેઠળ કવિશ્રીએ રચેલ કાવ્યમાં ભરપૂર હાસ્યરસ છે આપણાં મોબાઈલ કે લેન્ડલાઈનમાં ઘણીવાર રોંગ નંબર આવે ત્યારે કેવી હાલત થાય છે તેનું વર્ણન કવિશ્રીએ કરેલ છે.

"આ રોંગ નંબરની માયા : માયા ઉર્ફે ત્રાસ
રીંગ વાગતાં દોડી જઈએ ઉંચો રાખી શ્વાસ
આ રોંગ નંબરનો ત્રાસ

એલાવ : જરા બાજુમાંથી મંગળાબહેનને બોલાવનોને કોણ મંગળાબહેન? કિયો નંબર જોઈએ છે? ભાઈ બતાવો અડધી રાતે ઘંટડી વાગે શું આવ્યું? કહી વરલી મટકા નંબર સુણવા માંગે સટોડિયાનો નંબર બિલકુલ આપણા નંબર પાસ આ રોંગ નંબરનો ત્રાસ એક સવારે રોગ નંબરીયો એવો તો ભટકાયો કોણ છો? કોનું કામ છે? તો કહે છે કે અમદાવાદથી ડાહ્યો બોલું છું. પટક્યું રીસીવર, ટોયલેટ જવાના સમયે લેન્ડ લાઈન ફોન હોય અને ફોનની ઘંટડી વાગે એટલે દોડીને જઈએ ફોન ઉપાડીએ ત્યાં તો સામેથી બોલે જરાક બાજુમાંથી મંગણાબેનને બોલાવી આપો ને? ફોનવાળા ગુસ્સેથી બોલે કોણ મંગળાબેન? કયો નંબર જોઈએ છે? અહિં કોઈ મંગળા ફંગળા બેન રેતા નથી અને ગુસ્સામાં ફોન પટકીદે."

વળી અડધી રાતે ફોનની ઘંટડી વાગે ઊંઘમાંથી ઉઠી ફોન ઉપાડીએ ત્યાં બોલે વરલી મટકાનો કયો નંબર આવ્યો?

સટોડિયાનો નંબર આપણા નંબરની બાજુમાં જ એટલે રોંગ નંબર આવ્યા જ કરે ને ઊંઘ હરામ કરી નાખે. વળી વહેલી સવારે સંડાસમાં જવાનું થાય ત્યાં ફોનની ઘંટડી વાગે. કોણ બોલો છો? તો સામેથી બોલે અમદાવાદથી ડાયો, બોલું છું જવાબ આપે કે કોઈ ડાયો બાયો નથી. ફોન જોસથી પટકીએ ને સંડાસ જવા દોડધામ. વળી કોઈનો ફોન આવે. એલાવ - તો સામેથી બોલે કેમ છો ઈન્દુબેન તો ગુસ્સેથી બોલે અહિં કોઈ ઈન્દુબેન ફિન્દુબેન નથી હું તો ઈન્દુભાઈ છું. ઈન્દુબેનનો અને ઈન્દુભાઈનો નંબર બાજુબાજુમાં એટલે ઈન્દુભાઈના ફોનમાં રોંગ નંબર આવતા જ રહે. આવી છે.

રોંગ નંબરની માયાજાળ, મને પોતાને તો રોંગ નંબર આવે તો ગુસ્સો આવે. કોઈ બોલે એલાવ - તો બોલે કોણ ફલાણાભાઈ બોલો છો? તો હું જવાબ આપું ફલાણાભાઈ તો કયારનાય ગુજરી ગયા છે લે કયારે ગુજરી ગયા? શુ થયું હતું? પછી જવાબ આપું કે રોંગ નંબરના ત્રાસથી આઘાત લાગ્યો એટલે ગુજરી ગયા.

સમાચાર ઝલક

- મહિલાઓની ફરિયાદો માટે ફેસબુક પર પેજ બનશે : શ્રીમતી મેનકા ગાંધી
- સહારા પ્રમુખ સુબ્રત રોયના મામલે સુપ્રીમનો આદેશ અનામત રખાયો.
- પગારદારોને ૩૧મી મે સુધીમાં ફોર્મ-૧૬ ઇસ્યુ કરવું પડશે.
- ટોચની અભિનેત્રી ડોન દાઉદને મળી હોવાનાં અહેવાલ.
- વિશ્વની ૧૦૦ શક્તિશાળી મહિલાઓમાં ભારતની અરૂંધતી ભટ્ટાચાર્ય, ચંદા કોચરનો સમાવેશ.
- રથયાત્રાની તડામાર તૈયારીઓ શરૂ, વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ખાસ નિમંત્રણ.
- સૂરતમાં ભયાનક આગથી અંદાજે ૩૦૦ કરોડથી વધુ નુકશાન.
- ક્લાઇમેટ ચેન્જ સામેથી લડતમાં સહકાર માંગતું અમેરિકા.
- ઇજિપ્તમાં રાષ્ટ્રપતિપદની ચૂંટણીમાં અબ્દેલ ફતાઅલસીસીનો વિજય.
- ગાયિકા ઝરીના બેગમની આર્થિક ગરીબીમાં, ભરણપોષણ માટે ભીંસમાં.
- કેશુબાપાના પગના ગોઠણના સાંધાનું સફળ ઓપરેશન થયેલ છે.
- ખાદ્યતેલમાં મંદી, સીંગતેલના ભાવ એક વર્ષનાં તળીયે.
- મારૂતિ-સુઝુકીનો ગુજરાત પ્લાંટ જોખમમાં.
- વટવા નજીક એક મજુરે પીવાનું પાણી માંગતા બીજા મજુરે ગુસ્સામાં હત્યા કરી નાખી.
- વડાપ્રધાન નરેન્દ્ર મોદીને તેના નજીકનાં વ્યક્તિઓથી ખતરો : રામજેઠમલાણી
- ઘરકંસાસથી કંટાળીને સ્ત્રીઓ કરતાં પુરૂષોનાં આપઘાતનું પ્રમાણ વધુ.
- ભારતનો મધ્યમવર્ગ અમેરિકા સાથે સ્પર્ધામાં : બરાક ઓબામા.
- દરેક ગામમાં રસ્તા, પાણી, પ્રાથમિક શિક્ષણ, વીજળી, આરોગ્ય સરકારની પ્રાથમિકતા.
- આસારામના પૂર્વ સાધક અમૃત પ્રજાપતિ કોમામાં અમદાવાદની એપોલોમાં સારવાર હેઠળ.
- આજે તમાકું નિષેધ દિન ઉજવાશે.